## સામાન્ય વહીવટ વિભાગની માંગણી
## નં.૩૦,૩૧ અને ૩૩નું પ્રવચન

**માન.અધ્યક્ષશ્રી,**

માન.મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સાહેબ આ ગૃહ સમક્ષ સામાન્ય વહીવટ વિભાગની માંગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને માંગણી ક્રમાંક–૩૦,૩૧ અને ૩૩ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીશ્રીઓની સેવાપોથી અને સેવાકીય/ વહીવટી બાબતો જેમ કે રજા, રજા પ્રવાસ રાહત, વાર્ષિક મિલકત પત્રક, વાર્ષિક કામગીરી મૂલ્યાંકન અહેવાલ વિગેરેને ઓનલાઈન એપ્લિકેશનના માધ્યમથી પૂરી પાડવા માટે સરકારશ્રી દ્વારા 'સાથી' એપ્લિકેશનનું અનાવરણ કરવામાં આવેલ છે, જે જુલાઈ–૨૦૧૫થી અમલમાં છે.

**માન.અધ્યક્ષશ્રી,**

પ્રથમ HRMS Projectની ટેકનિકલ મર્યાદાઓ અને યોજનાનો વ્યાપ વધારવા માટેના નાણાકીય બોજો ઓછો કરવા માટે તારીખ ૨૫ ડિસેમ્બર–૨૦૨૩ રાષ્ટ્રીય સુશાન દિવસ નિમિત્તે ગુજરાત રાજ્યમાં ઈ–સુશાસનના ભાગરૂપે માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીશ્રીઓ માટેના કર્મયોગી એપ્લીકેશનનું અનાવરણ કરવામાં આવેલ છે અને આ એપ્લીકેશનનું અમલીકરણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

વધુમાં માન.મુખ્યમંત્રી કાર્યાલયમાં અમલી **C.M.Dashboard** ને **SATHI Application** સાથે સાંકળવામાં આવેલ છે. જેમાં રાજ્યના તમામ આઈ.એ.એસ./આઈ.પી.એસ./આઈ.એફ.એસ./આઈ.આર.એસ. /સચિવાલય સંવર્ગના તમામ વર્ગ–૧ થી ૪ ના અધિકારી અને કર્મચારી તથા તમામ અધિક કલેકટરશ્રીઓ, નાયબ કલેકટરશ્રીઓ, મામલતદાર, ટેકનિકલ કેડર(વર્ગ–૧ અને ૨)નો સમાવેશ કરી ઉક્ત તમામ અધિકારી/કર્મચારીઓના બેઝીક પ્રોફાઈલ/સર્વિસ પ્રોફાઈલ જેવી કે પોસ્ટીંગ હિસ્ટ્રી/વધારાનો હવાલો સોંપેલની વિગતો/ રજા મંજૂરીની વિગતો તથા તેમના વાર્ષિક મિલકત પત્રક ભર્યા અંગેની વિગતો દર માસે ઉપલબ્ધ કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

જાહેર સેવા આયોગ દ્વારા દર વર્ષે જાહેરાત અને પરીક્ષા માટેની સૂચિત તારીખો, રૂબરૂ મુલાકાતનો સૂચિત માસ દર્શાવતો સમયબધ્ધ કાર્યક્રમ આગાઉથી નક્કી કરી વર્તમાન પત્રોમાં અને ગુજરાત જાહેર સેવા આયોગની વેબસાઈટ પર પ્રસિધ્ધ કરી દેવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ઉક્ત માંગણી હેઠળ મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ, અને સંસદીય સચિવોના પગાર તથા તેમના પ્રવાસ અને કચેરી ખર્ચ, સરભરા અને આતિથ્ય ખર્ચ અંગેની જોગવાઈ પણ કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

રાજ્યના તમામ ૧૮૨ વિધાનસભા મત વિભાગો માટે દર વર્ષની ૧લી તારીખની લાયકાત તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા માટેનો ભારતના ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમ જાહેબ કરવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

જે કાર્યક્રમ અનુસાર સંબંધિત મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા નિયત તારીખે મતદારયાદીનો મુસદ્દો પ્રસિધ્ધ કરીને, નિયત થયેલ સમયગાળા દરમિયાન નાગરિકો/મતદારો તરફથી હક્ક–દાવા અન વાંધા અરજીઓ સ્વીકારમાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

ભારતમાં ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ તા.૧–૪–૨૩ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ અન્વયે રાજ્યના તમામ વિધાનસભા મત વિભાગો માટે તા.૫–૪–૨૩ થી તા.૨૩–૪–૨૩ સુધી હક્ક–દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવેલ. ત્યારબાદ મતદારયાદીની આખરી પ્રસિધ્ધિ તા.૧૫–૫–૨૩ના રોજ કરવામાં આવેલ હતી.

**માન.અધ્યક્ષશ્રી,**

આ સુધારણા કાર્યક્રમ દરમિયાન કુલ ૨,૨૭,૬૭૭ મતદારોનો ચોખ્ખો વધારો થયેલ છે. પ્રથમ વખત નોંધાયેલ મતદારો પૈકી ૧૮–૧૯ વયજૂથના કુલ ૧,૩૫,૧૦૭ યુવાઓની મતદાર તરીકે નોંધણી કરવામાં આવેલ છે.

**માન.અધ્યક્ષશ્રી,**

બિન નિવાસી ગુજરાતી પ્રભાગ અંતર્ગત દેશના અન્ય રાજ્યોના જે શહેરોમાં ગુજરાતીઓની સંખ્યા વધુ હોય ત્યાં બિનનિવાસી ગુજરાતીઓની યુવા પેઢીને ગુજરાતની સંસ્કૃતિથી માહિતગાર કરવા, બિનનિવાસી ગુજરાતીઓને પોતાના મૂળ સાથે જોડાયેલા રાખવા તથા સરકારની/પ્રતિષ્ઠાનની પ્રવૃત્તઓનો પ્રચાર–પ્રસાર કરવા, ગુજરાતી યુવા ધનનો ડેટાબેઝ તૈયાર કરવા વગેરે જેવા હેતુઓ સાથે સદાકાળ ગુજરાત કાર્યક્રમ યોજવામાં આવે છે.

**માન.અધ્યક્ષશ્રી,**

પ્રથમ સદાકાળ ગુજરાત કાર્યક્રમ મુંબઇ ખાતે વર્ષ ૨૦૧૨માં અને બીજો સદાકાળ ગુજરાત કાર્યક્રમ જયપુર ખાતે ૨૦૧૫ માં યોજવામાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી,**

ઓપરેશન ગંગા અંતર્ગત રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુધ્ધમાં યુક્રેન ખાતે અભ્યાસ અર્થે ગયેલ ગુજરાતી ભાઈ-બહેનો ફસાયેલ હતા તેઓ અને તેમના વાલીઓ ખૂબ જ ચિંતિત હતા. આવા સમયમાં ગુજરાત સરકાર પણ તેમના માટે ચિંતિત હતી અને તેઓની પડખે અડીખમ ઊભી હતી.

**માન.અધ્યક્ષશ્રી,**

ગુજરાત સરકારના એન.આર.આઈ. પ્રભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા યુક્રેનમાં ફસાયેલા ગુજરાતીઓને મદદ કરવાના આશયથી સવારના ૯-૦૦ કલાકથી રાત્રિના ૯-૦૦ કલાક સુધી હેલ્પ લાઈન શરૂ કરવામાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી,**

જેમાં જુદા જુદા જિલ્લાઓમાંથી યુક્રેન સ્થિત ગુજરાતીઓની વિગતો ઈ-મેઈલ/ફોનથી મળતી રહી. જેમાં તમામને વિદેશ મંત્રાલય અને યુક્રેન સ્થિત ભારતની એલચી સાથે વેબસાઈટના માધ્યમથી Twitter ,Facebook, Instagram જેવા સોશ્યલ મિડીયાના માધ્યમથી લેટેસ્ટ અપડેટ મેળવવામાં આવી.

**માન.અધ્યક્ષશ્રી,**

ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા એડવાઈઝરી જાહેર કરી યુક્રેનની જમીન સરહદો મારફતે યુક્રેનમાં ફસાયેલા ભારતીયોને પરત સ્વદેશ લાવવા માટે હંગરી, પોલેન્ડ, સ્લોવેક રિપબ્લિક અને રોમાનિયા ખાતે ટીમો મોકલાવમાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી,**

સુદાનમાં અર્ધ લશ્કરી દળો અને સૈન્ય વચ્ચે ચાલી રહેલ આંતરિક યુધ્ધના લીધે સમગ્ર વિશ્વમાંથી ત્યાં વસેલ લોકો ફસાઈ ગયેલ છે. જેમાં ભારતના સુધાનમાં ફસાયેલ નાગરિકોને સ્વદેશ પરત લાવવા માટે ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા ઓપરેશન ‘‘કાવેરી’’ હાથ ધરવામાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી,**

આ ઓપરેશન અંતર્ગત માન.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ તથા આપણા ગૃહ મંત્રીશ્રી અને બિનનિવાસી ગુજરાતી પ્રભાગના માન.રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી સાહેબના વડપણ હેઠળ સુદાનમાં ફસાયેલા લોકોને પરત લાવવા ગુજરાત સરકાર એન.આર.આઈ. પ્રભાગ, સામાન્ય વહીવટ વિભાગ તથા ગુજરાત રાજય બિનનિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન અને ગુજરાતના નિવાસી આયુક્તશ્રી, નવી દિલ્હી દ્વારા આ કામગીરી કરવામાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી,**

આ ઓપરેશન કાવેરી અંતર્ગત ૫૬૯ ગુજરાતીઓને ગુજરાત પરત લાવવામાં આવેલ.

**માન.અધ્યક્ષશ્રી,**

આ માંગણી સામાન્ય વહીવટ વિભાગના કામોને પ્રોત્સાહન આપવા ખૂબ જ મહત્વની છે. માટે આ માંગણીને હું મારું સમર્થન આપું છું અને સર્વાનુમતે મંજૂર થાય તેવી અપેક્ષા રાખું છું

**... ધન્યવાદ...**